

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતિ વર્ષ)*

*સગાઈમાં હજારોની ભીડ ભેગી કરીએ છીએ!*
*સન્માન પ્રચારમાં ટોળાંનો ઠાઠ કરીએ છીએ!*
*કરીએ છીએ હાલતાં-ચાલતાં નિયમોનો ભંગ -*
*અહીં બુદ્ધિ કયાં છે ? કોર્ટ કહે એમ કરીએ છીએ...*
*(એક જવાબદાર પ્રધાનશ્રીનું લાજવાબ નિવેદન)*

### હાઈકુ

*મૂર્ખ તંત્રનું*
*છે બુદ્ધિ વગરનું*
*બચાવનામું -*
*(કેબીનેટ કોર્ટને સોંપી દો!)*

*અમે કરશું -*
*અમારી મરજીથી -*
*થાય તે કરો!!*
*(નિયમો પાડાની પીઠે)*

### ચિંતન

**યદચ્છા લાભ સંતુષ્ટો, દ્વંદ્વાતીતો વિમત્સરઃ ।**
**સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાપિ ન નિબદ્યતે ॥**

ઉપરોક્ત શ્લોક કઠોરપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જે મળે તેમાં સંતોષ રાખે, હર્ષ-શોકના દ્વંદ્વથી પર હોય ને સિદ્ધિ-અસિદ્ધિમાં સમત્વ રાખે, તે કર્મો કરે છતાં બંધાતો નથી, અને જેનામાં કર્તાભાવ નથી, તે પાપ-પુણ્યથી પણ પર છે. એટલે જેનામાં કંઈ ઈચ્છા-વાસના નથી, એને કોઈ ઉધામા નથી. એટલે એ રીતે એ શાંત પણ હોય છે.

અહીં સમજવાની વાત એ જ છે કે અપેક્ષા કે આકાંક્ષા જ દુઃખનું મૂળ છે, બુદ્દ કહે છે તેમ, એ જેને નથી તે જ શ્રેષ્ઠ મનુષ્ય છે.

### સુવિચાર

- કલ - કા દિન કિસને દેખા હૈ, તો આજ કા દિન ભી ખોયેં કયોં ?
  જિન ઘડિયોં મેં હંસ સકતે હૈ ઉન ઘડિયોં મેં રોયે કયોં?? - **અમૃતબિંદુ**
- કલમ, ખડિયો અને કાગળ પ્રભુને પ્રાર્થના કરતા...
  બચાવો દંભી એવાથી લખે પણ જુદું આચરતા - **પ્રેમલ મહારાજ**
- ‘સ્વીકાર્યતામાં સુખ અને અસ્વીકાર્યતામાં દુઃખ’ જીવનનું આ સનાતન સત્ય સ્વીકારવું જ રહ્યું - **અખંડ આનંદ**
- ‘સફળતા’ એટલે નિષ્ફળતાની ટયુશન ફી...!! - **વનરાજ માલવી**
- સંત કરતાંય શ્રેષ્ઠ છે સત્ય, સત્યના અંશમાત્રથી જ પેદા થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આડેધડ કરેલાં વાંચન અને સમજ્યા વગર લીધેલી કેળવણીથી આપણું જ્ઞાન નથી વધતું - માત્ર આપણા પૂર્વગ્રહ વધે છે - **ડેનિસ વિટ્ટલ**
- આજનું ઔષધ : રાજમા (કઠોળ)નું નિયમિત સેવન કરવાથી હિમોગ્લોબીન વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગંગા કિનારે એક ભગવાધારી કુદરતના ખોળે બેસી તપસ્યા કરવાને એ એક ખેડૂતને ત્યાં રહેતા. ખેડૂત પણ ભલોભોળો હતો. ભગવાધારી ઝૂંપડીમાં રહીને ઈશ્વરભક્તિમાં લીન રહેતા પણ સાથે સાથે તેને ખેતીમાં મદદ પણ કરતા. એકવાર ભગવાધારી સ્નાન કરવા ગંગાજી ગયા હતા. ત્યાં તેમણે એક એવું કરુણ દૃશ્ય જોયું કે એક માતા પોતાના મરી ગયેલા બાળકને ગંગાજીમાં પધરાવવા આવી હતી. ખૂબ દુઃખી દિલે તેણે બાળકને ગંગાજીમાં વહાવડાવી દીધું. પણ એ દુઃખી માતાએ બાળકને ગંગાજીમાં પધરાવતાં પહેલાં તેના શરીર પરનું કફન કાઢી લીધું. પોતાના વહાલ સોયા બાળકને વસ્ત્રહીન દશામાં ગંગાજીમાં વહેતું મુકીને તે ખૂબ રોઈ. આવું કરુણ દૃશ્ય જોઈને ભગવાધારીનું હૃદય દ્રવી ઊઠ્યું. તેઓ વિચારવા લાગ્યા : ‘જે દેશમાં આવી માતાને પોતાના બાળકને આખરી મંજિલે પહોંચાડતી વખતે એના શરીર પર ઓઢાડેલું એક કપડું સુદ્ધાં ખેંચી લેવું પડે તેવી ભીષણ ગરીબી છે, ત્યાં કેવળ પોતાના જ આત્માની ઉન્નતિ માટે હિમાલયના આવા એક શાંત, એકાંત ખૂણે બેસી રહેવું એ ખરેખર નર્યો સ્વાર્થ જ છે! એવી સિદ્ધિ મારે ન જોઈએ.’ અને સંન્યાસી હિમાલયને છોડીને સમાજમાં ઘૂમવા લાગ્યા. એ ભગવાધારી હતા સ્વામી દયાનંદ સરસ્વતી....

# ખેડૂતોની ભીડમાં કોરોનાનો ભય

દેશ કોરોનાની ઝપેટમાં ફસાયેલો છે અને દિલ્હી કિસાનોથી ઘેરાયેલી છે. કિસાન યુનિયનનાં ઐતિહાસિક આંદોલનો દિલ્હી અને એના રામલીલા મેદાન કે જંતરમંતર વિસ્તારે યોજેલાં છે. એ સમયે હજી નરેન્દ્ર મોદી પૂર્ણ કક્ષાના રાજકારણી નહોતા બન્યા પણ સંઘપ્રચારક તરીકે લીલા સાફાઓ બાંધી એ વખતની સરકારો સામે ઊતરી પડતા હરિયાણા અને ઉત્તરપ્રદેશના નેતાઓને એમને જોયા તો જરૂર હશે. મહેન્દ્રસિંહ ટિકૈતના એક શબ્દ પર દિલ્હી કિસાનોથી ભરચક થઈ જતી અને એમનાં ધરણાનો ઉકેલ એમની શરતોએ આવે તે સિવાય એ ધરતીના જાયા મેદાન નહોતા છોડતા. આ વખતના કિસાન આંદોલનને રાષ્ટ્રીય રંગ ભલે ન સાંપડ્યો હોય પણ કોંગ્રેસ શાસિત પંજાબ માટે એ પ્રાણ પ્રશ્ન બની રહેલ છે એની પ્રતીતિ તો હવે દેશને થઈ ચૂકી છે, જેની વડાપ્રધાનને પણ પૂરી માહિતી છે. એથી એમણે પોતાના સૌથી વિશ્વાસુ સાથી કે જેમના હસ્તક કૃષિ વિભાગ નથી - એવા અમિત શાહને ‘ચાણક્ય ચાલ’ ચાલી ભલા ભોળા ખેડૂતોને પટાવવા મોકલ્યા હતા. ખેડૂતોને એમની વાત ધરાર માની નહીં. એમને ખુલ્લી જેલ જેવા મેદાનમાં ઘેટાંની જેમ પૂરવાની નીયત પર ઠંડુ પાણી રેડાઈ ગયું. અમિત શાહે કોંગ્રેસી પંજાબના મુખ્યમંત્રી અમરિંદર સાથે સંતલસ કરી છે અને અમરિંદર સિંહે મધ્યસ્થી કરવાનું પણ સ્વીકાર્યું છે. પરંતુ આંદોલન કોંગ્રેસી કે અકાલી દળના કિસાનો નથી ચલાવતા. વળી આ ખેડૂત આંદોલન એકલા કિસાન સમુદાય પૂરતું સીમિત નથી રહ્યું. એના પર ‘પંજાબની અસ્મિતા’ - પંજાબિયતની મહોર લાગી ચૂકી છે. રાજકીય પક્ષો માટે પંજાબના ખેડૂત અને ખેતી કોઈ પણ ભોગે નકારી કે તરછોડી ન શકાય એવા મુદ્દા છે. ગુજરાતના ખેડૂતો જેવા આ પંજાબી ખેડૂતો બીકણ નથી કે વોટર કેનન કે સાચુકલી કેનનથી ડરીને પીછેહઠ કરે. એમના ફરજંદ સરહદ પર એકે-૪૭ અને મશીનગનો લઈ નાપાક પાડોશીઓના આતંક સામે દેશની રખેવાળી કરતાં કરતાં જાન આપતાં રહે છે. જયારે સરાકર એમની વાત નથી માનતી ત્યારે ગુરુ ગોવિંદસિંહ અને ગુરુ ગ્રંથસાહિબની કસમ ખાઈને એ સરકાર સામે પણ ભિડાઈ જતાં વાર નથી કરતા. ખાલિસ્તાન ચળવળ અમથી પેદા નથી થઈ. એ સરકારના દમનની પેદાશ હતી અને એનું સમર્થક વિદેશી પંજાબી પ્રજા દ્વારા થયું હતું. અમરિંદર સિંહે ચોખ્ખી ભાષામાં દેશના ગૃહપ્રધાનને જણાવી દીધું છે કે પરિસ્થિતિ સ્ફોટક છે અને સરહદ પર આતંકીઓ ટાપીને બેઠા છે. ખેડૂતો સરકારની શરતોએ ઝૂકવા સહમત નથી. તેઓ ઈચ્છે છે કે સરકારે બદદાનતથી પસાર કરેલા અને ખેડૂતોએ કોર્પોરેટ જગતના પગ પકડવા પડે એવા કૃષિ સુધારા ખાસ સત્ર બોલાવી પાછા ખેંચવા પડશે. જયાં આ સુધારા પાછા નહીં ખેંચાય ત્યાં સુધી હરિયાણા અને પંજાબના ખેડૂત બચ્ચા એક તસુભાર પીછેહઠ નહીં કરે, ભલે એમને કોરોના સંક્રમણ થઈ જાય કે સરકારી ગોળીઓ ખાવી પડે. પરિસ્થિતિની ગંભીરતા શરૂથી જ સમજી ગયેલા અકાળી દળે એનાં એક માત્ર કેન્દ્રીય મંત્રી હરસિમરન કૌરને રાજીનામું આપવા સહમત કરી ‘એનડીએ’ અને ‘મોદીજી’ સાથે છૂટાછેડા લઈ લીધા હતા. હવે કયારેક મોદીજી જેમના ચરણસ્પર્શ કરતા રહેતા એવા અકાલીદળના સર્વોચ્ચ નેતા અને પંજાબમાં આંગળી પકડીને ભારતીય જનતા પાર્ટીને પ્રવેશ કરાવનારા પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ તથા ઢીંઢસા જેવા આગેવાનોએ એમને મોદીજી તરફથી સાંપડેલા રાષ્ટ્રીય પદ્મ સન્માન પરત કર્યાં છે. એમની સાથે બીજા કેટલાક રમતવીરો, કલાકારો અને લેખકો પણ જોડાયા છે. કેજરીવાલ અને કોંગ્રેસે ખેડૂતોને આંદોલનને ખૂલ્લું સમર્થન આપી કેન્દ્ર સરકારના નામે દમ લાવી દીધો છે. લાખોની સંખ્યામાં કડકડતી ઠંડીમાં દિલ્હીની નાકાબંધી કરી રહેલા કિસાનોમાં કોરોના ફાટી નીકળશે તો કોણ જવાબદાર લેખાશે ?

**તંત્રીસ્થાનેથી...**

# દુશ્મન ચાહે છોટા હો યા બડા ઉસે કભી નાદાન મત સમજના



## ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

**દુશ્મન ચાહે છોટા હો યા બડા ઉસે કભી નાદાન મત સમજના**

**- દયાવાન**

‘દયાવાન’ ફિલ્મ ૧૯૮૮માં ફિરોઝ ખાન દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી, આ ફિલ્મ ૧૯૮૭માં મણિરત્નમ દિગ્દર્શિત અને કમલહાસન અભિનિત તમિલ ફિલ્મ ‘નાયકન’ની રિમેક હતી. દયાવાન ફિલ્મના સંવાદ પરવેઝ મેંહદી અને અઝિઝ કૈસીએ લખ્યા હતા.

‘દયાવાન’ ફિલ્મમાં વિનોદ ખન્ના, ફિરોઝ ખાન અને માધુરી દીક્ષિત હતાં. આ ફિલ્મ કલાકારોના અદભૂત અભિનય અને માધુરી દીક્ષિત તથા વિનોદ ખન્નાના પ્રણયોન્મુક્ત દૃશ્યોને કારણે તમામ દર્શકો માટે ચિર-સ્મરણીય છે. વિનોદ ખન્નાની સફળ ફિલ્મોમાંની એક છે. પિતાના મૃત્યુનો બદલો લેવાથી માંડીને દયાવાન બનવા સુધીના સફરને દર્શાવતી આ ફિલ્મ પ્રેક્ષણીય બની રહી હતી.

દુશ્મનને હંમેશા જડ-મૂળમાંથી જ નષ્ટ કરવો જોઈએ. જેથી કરીને ફરી પાછો એ ઊભો ન થઈ શકે.

જોવાની ખૂબી એ છે કે, આપણા સંસ્કૃત સાહિત્યમાં વર્ષો પહેલાં પણ આ જ પ્રકારની વાતો સમજાવવામાં આવી જ હતી.

પ્રસ્તુત વાતને ખૂબીપૂર્વક આશરે છઠ્ઠી સદીમાં વિશાખદત્ત નામક સંસ્કૃત સાહિત્યકાર દ્વારા ‘‘મુદ્રારાક્ષસ’’ નાટકમાં રજૂ કરવામાં આવી હતી. મુદ્રારાક્ષસ સિવાય વિશાખદત્તની ‘‘દેવીચન્દ્રગુપ્તમ’’ કૃતિ પણ મળી આવે છે.

**ન યુક્તં પ્રાકૃતમપિ રિપુમવજ્ઞાતુમ ।** **- મુદ્રારાક્ષસ**

સાધારણ શત્રુની પણ અવગણના કરવી યોગ્ય નથી.

વસ્તુતઃ આ સંવાદ નાટકમાં ચાણક્યની દીર્ઘદૃષ્ટાનીતિ દૃષ્ટિગોચર થાય છે.

‘‘મુદ્રારાક્ષસ’’ નાટકને ૧૮૮૯માં કેશવલાલ ધ્રુવે ‘‘મેળની મુદ્રીકા’’ નામે પ્રસ્તુત કરી હતી. આ ઉપરાંત ૧૯૯૧માં ચંદ્રપ્રકાશ દ્વિવેદી દ્વારા નિર્મિત ધારાવાહિકના અંતમાં પણ આ જ નાટકને ઉપયોગમાં લેવામાં આવ્યું હતુ. આ ઉપરાંત ૨૦૦૬માં ડો. મનીષ મોક્ષગુન્દમ નામક દિગ્દર્શકે સંસ્કૃતમાં આ જ નામે ફિલ્મ બનાવી હતી.

- jayuoza@gmail.com, Mo.9898046488

## ‘સાહિત્ય સફર’ આયોજિત ‘ટેરવાંનો તહલકો’ ઓનલાઈન કવિ સંમેલન યોજાયું



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર ‘દધિ’

વૃત્તસંચય

● દેવદિવાળીના શુભ દિવસે, ‘સાહિત્ય સફર’ આયોજિત ‘ટેરવાંનો તહલકો’ નામે, ઝૂમ એપ પર એક ઓનલાઈન કવિ સંમેલન તા.૩૦-૧૧-૨૦૨૦ ના રોજ યોજાઈ ગયું. આ સંમેલનમાં ; આયોજક અને સંચાલક સંદીપ પટેલ ‘કસક’ ની સાથે, ૨૬ કવિઓએ પોતાની આગવી શૈલીમાં, સ્વરચિત સુંદર કૃતિઓ રજૂ કરીને, બધાંને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. ૬૫ થી વધારે કાવ્ય રસિકો અને શબ્દના સાધકો આમાં જોડાયાં હતાં. મા શારદાની વંદના ચેતના ગણાત્રાએ રજૂ કરી હતી.વરિષ્ઠ કવિશ્રી ગુલામ અબ્બાસ ‘નાશાદ’ સાહેબે ગઝલ વિશે માહિતી અને માર્ગદર્શન આપીને, પોતાની રચના રજૂ કરી હતી. કવિઓ સર્વશ્રી અશોકભાઈ લાલવાણી ‘આશ’; ભરત ગોસ્વામી ‘ભાવુક’; દીપક મકવાણા ‘કેશવ’; ગજેન્દ્રસિંહ જાડેજા ‘ઉર્વી’; ખયાલ પાલનપુરી; કમલ પાલનપુરી; માયુસ કવિ ચાણસોલ; મેધાવિની ‘હેલી’; નિલેશ ટાંક ; પ્રવીણ ગરવા ‘સજનવા’; પૂર્ણિમા ભટ્ટ ‘શવરી’; પરમ પાલનપુરી; સતીશ સખીયા; સ્વાતિ સૂચક શાહ; સુનિલ કઠવાડિયા ‘અમર’; વિનોદ માણેક ‘ચાતક’; કાજલ સંદિપ પટેલ ‘કાસ’; સાગર ચોચેટા ‘સાચો’; અલ્પા વસા ‘કાવ્યાલ્પ’; ધાર્મિક પરમાર ‘ધર્મદ’; ચેતના ગણાત્રા ‘ચેતુ’; સંદીપ પટેલ ‘કસક’ વગેરે કવિઓએ પોતાની રચનાઓનું પઠન કરી, લોકોની વાહ વાહ મેળવી હતી.બધા કવિઓન ‘આભાર પત્રક’ નું નજરાણું અર્પણ કરાયા બાદ, ધાર્મિક પરમારે આભારવિધિ કરી હતી.

● સવાઈ ગુજરાતી કાકાસાહેબ કાલેલકરના જન્મદિન તા.૧-૧૨-૧૮૮૫ અન્વયે ‘જન્મજયંતિ વિશેષ’નો એક ઓનલાઈન ક્વીઝ કાર્યક્રમ,ટીમ ‘મંથન ગૃપ’ અને ‘જ્ઞાનધારા’ ગૃપના સંયુક્ત ઉપક્રમે ‘વિશેષ દિન ક્વીઝ ગૃપ’ દ્વારા, તા.૧-૧૨-૨૦૨૦ના રોજ, શૈલેન્દ્રસિંહ આર. ગોહિલ, વિશેષ દિન ક્વીઝના એડમીન; પ્રો.ડૉ.રાજેશ આર. કાગરાણા, જ્ઞાનધારા કન્વીનર તથા શૈલેષ એન.પ્રજાપતિ, ટીમ મંથનના મોટીવેટરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

(M)9824236893
- muljibhaidadhi@gmail.com

# રવિશંકર મહારાજ : ગુજરાતની અમૂલ્ય મૂડી



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

રવિશંકર મહારાજ એ ગાંધીયુગની આકાશગંગામાં અનેક તેજસ્વી તારલાઓ પૈકીના એક છે. ગાંધીયુગના દરેકે દરેક તારક પોતાનાજ સત્વથી ઉજળા અને ભાતીગળ છે. ગુજરાતના સંદર્ભમાં ગાંધીના આ ગોવાળોની વાત કરીએ ત્યારે સામાજિક સેવાના ક્ષેત્રમાં મહારાજનું નામ તરતજ નજર સામે તરવરે છે. જીવનના મહત્વના વર્ષો આ પુણ્યશ્લોક મહાત્માએ વંચિતો તથા તરછોડાયેલાના સર્વગ્રાહી ઉત્થાન માટે કર્યો. શિવરાત્રીના પવિત્ર દિવસે જન્મ લઈને શિવત્વને પામનાર રવિશંકર મહારાજની પાવક સ્મૃતિ સહેજે થાય છે. બારડોલી સત્યાગ્રહના ઐતિહાસિક પ્રસંગે તા.૩૦-૦૪-૧૯૨૮ ના રોજ મહાત્મા ગાંધી ‘રાજ વિનાના મહારાજ’ ને પત્ર લખે છે. પત્ર મહારાજની સત્યાગ્રહી તરીકે સત્તાધિશોએ ધરપકડ કરી તેના સંદર્ભમાં લખાયો છે. એક એક શબ્દને તોળી-ઝોખીને બોલનાર-લખનાર ગાંધીજીના આ પત્રના શબ્દો વાંચીને મહારાજ તરફ વિશેષ અહોભાવ પ્રગટ્યા સિવાય રહે નહિ.

ભાઈ શ્રી રવિશંકર,

તમે નસીબદાર છો. જે ખાવાનું મળે તેથી સંતુષ્ટ, ટાઢ અને તડકો સરખા. ચીંથરા મળે તો ઢંકાઓ. હવે જેલમાં જવાનું સદભાગ્ય તમને પહેલું,

જો ઈશ્વર અદલાબદલી કરવા દે અને તમે ઉદાર થઈ જાઓ તો તમારી સાથે અદલાબદલી કરું.

તમારો અને દેશનો જય હો !

- બાપુના આશીર્વાદ.


બાપુનું આવું ઉત્તમ પ્રમાણપત્ર મેળવવાની પાત્રતા મહારાજની ઘસાઈને ઉજળા થવાની વૃત્તિમાં જોઈ શકાય છે. જેમને સમાજ અને સરકારે ધૃણાસ્પદ અને જન્મજાત ગુનેગાર ગણ્યા હતા તેવા માનવીઓના ગૌરવ માટે વર્ષો સુધી ઝઝૂમનાર મહારાજ આપણાં દિલો દિમાગ પર રાજ કરી શકે તેવા સમર્થ તથા સ્વયં પ્રકાશિત છે. સબળ ગદ્યકાર તથા અડીખમ તપસ્વી સ્વામી આનંદ મહારાજને પુણ્યનો પર્વત તથા મૂઠી ઊંચેરા માનવી કહીને થોડામાં ઘણો સંકેત આપી જાય છે. વિનોબાજી જેમને તુકારામની કોટિના સંત ગણાવે છે તેવા મહારાજ ૧૮૮૪ થી ૧૯૮૪ સુધી એક જ્વલંત તથા દિશાદર્શક પ્રકાશપુંજ બનીને ગુજરાતને તથા દેશને માર્ગદર્શન આપતા રહ્યાં. સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય થયા પછી જમીનોના જે કાયદાઓ થયા તેમાં શ્રી ઢેબરભાઈએ જમીનોના માલિકો – ગિરાસદારો – તથા શ્રમિકો કે ગણોતિયાઓ વચ્ચેના વર્ગવિગ્રહને ઊગે તે પહેલાંજ અટકાવવાનો પ્રયાસ હતો. કાર્ય કપરું હતું અને બન્ને તરફની વિચારધારા – આગ્રહપૂર્વકની તેમજ પ્રસંગોપાત ઝનૂની પણ રહેવા પામી હતી. ઢેબરભાઈ આ કામ કઠીન હોવા છતાં તેમનામાં કુનેહ તેમજ ગાંધીની નજર હોવાથી કરી શક્યા. કાયદાઓની ફેરબદલ કે નાબુદી થકી રાજ્યસત્તાના બળથી અને ઢેબરભાઈ – શામળદાસ ગાંધી જેવાની કળથી જમીન સુધારાનું આ કાર્ય થઈ શક્યું. તેની સામે જુઓ તો કાયદા – કાનૂનના કોઈ પીઠબળ સિવાય વિનોબાજીના ભૂદાનની પ્રવૃત્તિ સબળ, સફળ તથા અસરકારક રીતે ઊભી કરવાના મુશ્કેલ કાર્યમાં રવિશંકર દાદા આત્મનિષ્ઠાના બળે સફળ થયા હતા. સમાજના અનેક માનવીઓના મનને લાગેલા જૂના કાટ જાણે મહારાજના પ્રભાવથી દૂર થયા. કવિ કાગ લખે છે :

આતમ હમારો ભૂમિદાનકો વિરોધી સપ્ત,
કૌતુક ભયો રી મન મેરો પલટાયો હૈ.
નર્મદાને કંકર કો શંકર બનાયા જૈસે,
તૈસે રવિશંકરને કાગ કો બનાયા હૈ.

અમદાવાદની સીવીલ હોસ્પિટલમાં દાદાની અમીભરી આંખના શિતળ છાયે મહારાજના સ્વાનુભવની અનેક વાતો સાંભળીને મેઘાણીભાઈએ ધન્યતા અનુભવી છે. મહારાજ તથા મેઘાણીભાઈની આ મુલાકાતના પરિણામેજ વિશ્વ સાહિત્યમાં સ્થાન પામી શકે તેવી ‘માણસાઈના દીવા’ ની વાતોએ જગતમાં નૂતન પ્રકાશ પાથર્યો. રુક્ષ તથા અવિચારી દેખાતા કે ઓળખાતા વર્ગની અમીરાતની તેમજ ખમીરની વાતો મહારાજના અમૂલ્ય અંગત અનુભવોમાંથી જગતને પ્રાપ્ત થઈ. મેઘાણીભાઈ પોતાના જીવન સંગ્રામ સાથે જોડાયેલા પ્રસિધ્ધ ‘‘ફૂલછાબ કાર્ટૂન કેસ’’ ના સંદર્ભમાં અમદાવાદ હતા ત્યારે તેમને સર્વ પ્રથમ રવિ-દર્શન થયું અને આ મંગળ મૂર્તિ કવિના દિલમાં ઊંડી ઊતરી જવા પામી. મેઘાણીભાઈ મહારાજનું pen – picture આપતાં લખે છે : ‘‘પાતળી કાઠીની, અડીખમ, પરિભ્રમણને ટાઢતડકે ત્રાંબાવરણી બનાવી, ટીપીને કોઈ શિલ્પીએ ઘડી હોય તેવી એ માનવમૂર્તિ સ્વચ્છ પોતિયે, બંડીએ અને પીળી ટોપીએ, ઉઘાડે તથા મોટે પગે એવી શોભતી હતી કે મારા અંતરમાં એ હમેશાને માટે વસી ગઈ છે’’ મહારાજ તથા મેઘાણીના ઐતિહાસિક તથા ઉપકારક મિલનને કારણે મહીકાંઠાની જનતાના વિશેષ તેમજ સોંસરવા દર્શનનો તેમજ તેમના જીવનની અદભુત વાતોનો અનુભવ સમગ્ર વિશ્વને થયો. માનવતાના મૂલ્યો, મનમાં ઊભા થતાં અનેક પ્રકારના સંઘર્ષો, કાયદાના પાલનમાં જોવા મળતી ત્રુટિઓ જેવી અનેક બાબતો સમાજને જોવા – સમજવા તથા અનુભવવા મળી. લોકજીવનના કેટલાક હીરલાઓનું ખમીર પણ શબ્દસ્થ થયું. પાટણવાડિયા-બારૈયાના જીવનની તેમજ જીવન સંઘર્ષની અસાધારણ વાતો મહારાજના સ્વમુખે સાંભળીને મેઘાણીભાઈએ જગતના ચોકમાં મૂકી. આ સામાન્ય લાગતાં અને જન્મથીજ ગુનેગારોમાં ખપાવાયેલા લોકોના જીવનના પ્રાણતત્વોનું દર્શન કરીને સારમાણસાઈ તરફથી આપણી શ્રધ્ધા બળવત્તર બને છે. માનવતાની સરવાણીઓ ફૂટતી દેખાય છે. મહારાજ પોતે આ ઘટનાઓના કેન્દ્રસ્થાને હોવા છતાં પોતાની જાતને ગૌણપદે રાખીને વાત સમજાવી શકતા હતા તેવું મેઘાણીભાઈનું તારણ કેવું ગરીમાયુક્ત લાગે છે ! મહારાજની એવી ચિંતા પણ હતી કે આ વાતોના આલેખનથી પોતાની પ્રશસ્તિ થવી જોઈએ નહિ. મહારાજનું જીવન એ નિષ્કામ કર્મયોગનું જીવંત તથા સદાકાળ જ્વલંત ઉદાહરણ છે. શૌર્ય - સાહસ તથા સાદગીની ગાંધીગીરી એજ મહારાજના આયુધો છે. ગાંધી - વિચારના મેરુદંડ સમાજ મહારાજ એ ચિરાકાળ સુધી આપણાં હૃદય સિંહાસન પર બિરાજવાના છે. મુરલી ઠાકુરે લખ્યું છે તેમ આપણાં હૈયાના રાજના એ સદાકાળ મહારાજ છે. આ મહારાજને દુન્વયી લટકણિયાંઓની કે ખિતાબોની આવશ્યકતાજ ક્યાં છે ?

તમે ! મહારાજ...!
રાજ વિનાના રાજ...
મહારાજ માનવી મનના
મહારાજ !
છતાં નથી ક્યાં રાજ તમારાં !
મહા.... રાજ?

# ગાંધી થોડો લોકોના હાથમાં સત્તા અને પ્રતિષ્ઠાના વિરોધી



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

શોષણ વિહિન સમાજ રચના પ્રતિ પ્રેરક કાર્યો જેમણે શરૂ કર્યા હતા એમાંનું એક ક્ષેત્ર કેળવણીનું ક્ષેત્ર પણ હતું. ગાંધી સ્પષ્ટ હતા કે શોષણ માત્ર આર્થિક ક્ષેત્રમાંથી જ નહીં બલ્કે પછી તેની મારફતે કમનસીબ કે નિર્બળ લકોનું શોષણ અનેક રીતે થઈ શકે. ઈતિહાસમાં મળી આવતા મોટામાં મોટા જાલિમ અને સરમુખત્યારે રૂપી ભક્ષકે, કે જેમણે સ્ત્રીઓ અને પુરુષોની મોટી મોટી સંખ્યાઓને પોતાની વૈયક્તિક સર્વોપરિતા, કીર્તિ અને વિજયે સાધવા માટે સાધનરૂપે વાપરેલી છે, તેઓ પણ હરહંમેશ આર્થિક સર્વોપરિતાવાળા કે તેની દરકાર કરનારા ન હતા. તેમનામાં મોટા ભાગના લેકે તે પોતાને માટે કે પિતાના વારસ માટે મોટી ધનસંપત્તિ મેળવવા તરફ બેદરકાર જ હતા. તેમાંના કેટલાક તો તેમના અંગત જીવનમાં તપસ્વીઓ પણ હતા. પરંતુ તેમનામાં સત્તા માટે અસાધારણ તથા ઝનૂની ધગશ હતી. આજના સરમુખત્યારે પિતાના દેશબંધુઓને મૂડીવાદીઓની જેમ ધન વડે કે ધન માટે ચૂસતા હતા નથી. તેમના વૈયક્તિક જીવનમાં અને અંગત શોખોની બાબતમાં તો તેઓ સાદા તથા સંયમી પણ કહી શકાય તેવા હોવાનું જાણવામાં આવ્યું છે. તેઓએ પિતાની વર્તમાન સ્થિતિ પણ આર્થિક બળોના કાવાદાવાઓથી મેળવી નથી હોતી, પરંતુ સત્તાના રાજકારણ વડે, માનવસુલભ સામાન્ય લાગણીઓને ઉશ્કેરવા વડે, તેમ જ આમજનતામાં પ્રચારની કરામતો વડે પ્રાપ્ત કરી હોય છે.

આમ, ગાંધીજી જે જાતની સમાજવ્યવસ્થા કહ્યું છે, તે તે આર્થિક, રાજકીય કે બીજા કોઈ પ્રકારના શોષણથી મુક્ત હેવી જોઈએ. એ વસ્તુ સિદ્ધ કરવી હોય તે સમાજનું રાજકારણ, તેનું અર્થતંત્ર અને તેનું સામાજિક જીવન અહિંસા, સત્ય અને ન્યાય ઉપર ચાવું જોઈએ. આમાંના કેઈ ને અભાવ હોય તે, – અને જેટલા પ્રમાણમાં તેમને અભાવ હોય તેટલા પ્રમાણમાં – શોષણ જરૂર આવવાનું જ. અને જ્યારે જ્યારે શોષણ ચાલે છે, ત્યારે ત્યારે માણસનું આધ્યાત્મિક ગૌરવ હણાય છે, અને તેનું અસ્તિત્વ તેના પિતાના ધ્યેયની સિદ્ધિ અર્થે રહેવાને બદલે, તે બીજા કોઈને માત્ર સાધનરૂપ બની રહે છે. તેથી કરીને ગાંધીજી થોડા લોકોના હાથમાં બધી સત્તા, સામાજિક પ્રતિષ્ઠા કે માલમિલક્ત એકત્રિત થઈ જાય તેની વિરુદ્ધ છે. તે પોતે શ્રમજીવી

### વિદ્વાનો પણ ગાંધીના અભિપ્રાયો ખોટી રીતે સમજ્યા છે

લેકેના વર્ગોહિત સમાજની તરફેણ કરે છે. આ મુદ્દા ઉપરના તેમના અભિપ્રાયો અનેક વિદ્વાનો પણ ખોટી રેત સમજ્યા છે; અને તે કારણે ઘણે ગોટાળો ઊભો થયો છે. તેમણે ઘણા પ્રસંગોએ કહ્યું છે કે, તે પોતે વર્ણવ્યવસ્થામાં માને છે. તેમને નવા અર્થ સાથે જૂના શબ્દો વાપરવાની ટેવ છે; પરંતુ એ નો અર્થ તેમના કેઈ એક નિવેદનને અલગ પાડીને તેના ઉપરથી તારવો ન જોઈએ. પરંતુ તેમના વિચાર અને ફિલસૂફી સાથે સળગ રીતે વણાયેલે પકડવો જોઈએ. એ રીતે તેનો અર્થ ‘ સમજવા જઈએ તો તરત જણાઈ આવશે કે, વર્ણવ્યવસ્થા શબ્દથી તે આજના હિંદુ સમાજમાં જે પ્રચલિત છે, તથા સામાન્ય રૂઢિચુસ્ત હિંદુ એ શબ્દ વડે જે કંઈ સમજે છે, તેવું કંઈ સમજતા નથી, પરંતુ કંઈક જુદું જ સમજે છે. તેમને મન વર્ણવ્યવસ્થા એટલે વ્યક્તિના સ્વભાવ અનુસાર, અર્થાત વ્યક્તિની વંશપરંપરાગત અને અભ્યાસથી પ્રાપ્ત કરેલી કશળતા અનુસાર શ્રમવિભાગ, અને કામકાજની વહેંચણી. તે કઈ ઉચ્ચનીચ ભાવવાળા વર્ગો કે વર્ગોને અર્થ નથી સ્વીકારતા. પરંતુ સાથે સાથે તે એમ પણ નથી માનતા કે, વર્ગહીન એ આ શ્રમજીવી સમાજ મેટા કે કેન્દ્રિત યંત્રદ્યોગની આસપાસ રચાવો જોઈએ. વૈયક્તિક રીતે જેનું નિયંત્રણ થાય છે તે મોટો કેન્દ્રિત યંત્રોદ્યોગ અનેકોનું શોષણ ઉભું કરે છે, એ વાતને સાબિતીની જરૂર નથી. એ વસ્તુ આજે પણ તરફ મોજૂદ છે, તથા તે મૂડીવાદને નામે ઓળખાય છે. આજે આખી દુનિયામાં જોવા મળતાં તથા આંતર કે બાહ્ય યુદ્ધો ઊભાં કરનારાં આંતરરાષ્ટ્રીય અને આંતરવર્ગીય અદેખાઈ અને ને મોટે ભાગે તેણે જ ઊભો કરે છે. જોકે એમ માનવામાં આવે છે કે, મોટા કેન્દ્રિત યંત્રોદ્યોગ અને વેપાર ઉપર વૈયક્તિક નહીં પશુ પ્રજાકીય માલકી અને નિયંત્રણ હેય, તે શોષણ જેવું કાંઈ ન રહે. પરંતુ એ બાબતને આપણને જે કાંઈ અનુભવ છે - આપણો તે અનુભવ એ રશિયા પૂરતી જ મર્યાદિત છે - તેનાથી એટલું જ સાબિત થાય છે કે, તેનાથી પણ નાગરિકની દરેક પ્રવૃત્તિને કડક રીતે નિયંત્રિત કરતી અને નિયમિત કરતી સરમુખત્યારશાહી અને નોકરશાહી જ ઊભી થાય છે. એવી સમાજવ્યવસ્થામાં હરાવેલાં ધોરણે અને નિયમોમાંથી વિચાર અને વર્તનમાં સહેજ પણ આઘાપાછા થવાપણું કડક રીતે અવશ્ય નિષિદ્ધ કરવામાં આવે જ. તથા વ્યક્તિના આખા જીવનને તે કડક નિયંત્રણોમાં જ આવરી લે. છેક જ અનિયંત્રિત તથા સ્વાથી અને સ્વછંદી હેતુઓ માટે કામ કરતા વ્યક્તિ સ્વાતંયના પ્રત્યાઘાત તરીકે છેડે વખત કદાચ તે વ્યવસ્થા સફળ નીવડે; પરંતુ અંતે તે તેના વડે વ્યક્તિમાંથી ચાહીને કામ આરંભવાની કે માથે લેવાની શક્તિ કે વૃત્તિ તથા કાર્ય સ્વાતંત્ર્ય નાશ પામતાં હોવાથી, વ્યક્તિને તે અપંગ જ કરી મૂકે.

તેના ક્રાંતિકારક જુસ્સાના તેજમાં ભલે તેમાં છુપાઈ રહેલી મોટી મર્યાદાઓ તથા વિનાશનાં બીજ ન દેખાય; પરંતુ પિતાની જાતને ટકાવી રાખવા માટે અત્યાર પહેલાં ક્યારનીય તેણે જોખમકારક છૂટછાટ મૂકવા માંડી છે, કે જે તેની સામ્યવાદી ફિલસૂફી સાથે ભાગ્યે જ મેળ ખાતી કહેવાય. ઉપરાંત, તેની બધી સત્તા નૈતિક નહીં પણ ભૌતિક પશુબળ ઉપર રચાયેલી છે. પશુબળ અને હિંસા એ બે વસ્તુઓને લોકશાહી સાથે સુસંગત તે ન કહી શકાય, એટલું જ નહી પણ, તેમાંથી એક યા બીજા પ્રકારનું શેષણ ઊભું થાય જ. ગાંધીજીના અભિપ્રાય પ્રમાણેની શેષણવિહીન સમાજવ્યવસ્થા તો વધુ ને વધુ પ્રમાણમાં નૈતિક બળ અને નૈતિક સત્તા ઉપર જ આધાર રાખતી હોય છે.